**વાસ્તવિક ફાયદો તથા લાભ તો ત્યારેજ પહોંચે છે જ્યારે આપણે આ વાતની પણ ભરપુર કોશિશ કરીએ કે જે કંઈ આપણે જોયું અને સાંભળ્યું છે તેને પોતાનું જીવન સજાવવાનું સાધન બનાવીએ. આ જલસાનો લાભ ત્યારે જ છે જ્યારે આપણે પોતાની સ્થિતિને પોતાની તાલીમ અનુસાર બનાવીએ અને જે કંઈ સાંભળ્યું છે તેને પોતાની ઉપર લાગુ કરીએ.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૨૮- ઓગષ્ટ ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

આજકાલ મને દુનિયાના ઘણાં બધા દેશોથી પત્રો તથા ફેક્સ આવી રહ્યા છે જેમાં જલસા સાલાના બ્રિટેનની કામીયાબી વિશે મુબારકબાદી પણ હોય છે અને આ વાતનો પણ ઈઝહાર હોય છે કે અમે એમ.ટી.એ. ના જીવંત પ્રસારણ દ્વારા જલસો જોયો અને લાભ ઉઠાવ્યો પરંતુ વાસ્તવિક ફાયદો તથા લાભ તો ત્યારે જ પહોંચે છે જ્યારે આપણે આ વાતની પણ ભરપુર કોશિશ કરીએ કે જે કંઈ આપણે જોયુ અને સાંભળ્યું છે તેને પોતાનું જીવન સજાવવાનું સાધન બનાવીએ. આજકાલની જે દુનીયા છે તેમની અધિક નજર આપણા પર થઈ ગઈ છે અને હવે દુનિયા આપણાં જલસામાં એમ.ટી.એ. દ્વારા સામેલ થાય છે. એહમદી તથા બીજા લોકો પણ સાંભળે છે ખાસ કરીને બ્રિટેનના જલસાને ધ્યાનથી જોવામાં આવે છે. અમે લાખો પાઉન્ડ એમ.ટી.એ. માટે ખર્ચ કરીએ છીએ માત્ર એટલા માટે કે એક મુખ્ય હેતુ એ છે કે જમાઅતના પ્રત્યેક વ્યકિત પોતાના હેતુને મેળવે અને તેમના સુધી એક જ સમયમાં સંદેશ પહોંચે.

માટે આપણી ખુશી અને જલસાની કામીયાબીની મુબારકબાદી ફક્ત મુબારકબાદી સુધી જ ન રહે બલ્કે અહિંયા સામેલ થનાર અને દુનિયામાં એમ.ટી.એ. દ્વારા સાંભળનાર પણ તેમણે જે સાંભળ્યું છે તેને વાગોળતા રહે અને પોતાના જીવનનો ભાગ બનાવે અને ખુદાતઆલાનો આભાર માને કે તેણે આ ભૌતિકતાવાદમાં આપણી સુધારણાં માટે આપણી ઈલ્મી, અમલી તથા ઈમાનની ઉન્નતિ તથા ભલાઈ માટે એક દુન્યવી સાધનને આપણાં માટે ઉપાય બનાવી દીધો છે. ટેલિવિઝન, ઈન્ટરનેટ, અખબાર અને બીજા પ્રકાશનના સાધનો જ્યારે આપણા માટે કાર્ય કરી રહ્યા હોય ત્યારે એક ઈમાનવાળાના ઈમાનમાં વધારો થાય છે. કે આજથી ૧૪૦૦ વર્ષ પહેલાં અલ્લાહ તઆલાએ આ ખુશખબરી આપી હતી કે તે યુગમાં એવા સાધનો હશે જે ધર્મના પ્રકાશન માટે મદદરૂપ થશે અને દરરોજ આપણે આ ભવિષ્યવાણીને સર્વોત્તમ રીતે પૂર્ણ થતા જોઈએ છીએ. હું અમુક વાતો આગળ વર્ણન કરીશ કે કેવી રીતે અલ્લાહ તઆલા આ સંદેશ પહોંચાડે છે. માટે આપણે અલ્લાહ તઆલા સામે ઝુકીને આ વાતનો આભાર માનીને હંમેશા આગળ વધવું જોઈએ. આ આભાર આપણને અલ્લાહ તઆલાના ફરમાન પ્રમાણે અધિક ઈન્આમો અને પ્રગતિઓ આપશે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે જો તમે આભાર માનશો તો તમને વધારે આપીશ. આ શુકરગુઝારી નો વિષય આપણને જ્યાં અલ્લાહ તઆલાનો આભારી હોવાનો માર્ગ દેખાડે છે ત્યાં બંદાની શુકરગુઝારી તરફ પણ ધ્યાન અપાવે છે. આંહઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું જે વ્યકિતનો આભાર નથી માનતો તે

ખુદાતઆલાનો પણ આભાર નથી માનતો. અલ્લાહ તઆલાએ તે કાર્ય કરનારને તૌફિક આપી કે તેમણે જલસાની વ્યવસાથાઓને સર્વોત્તમ બનાવવાનો પ્રયત્ન કર્યો. અસંખ્ય શાખાઓ એવી છે જેમાં પુરષોએ પણ અને સ્ત્રીઓએ પણ વૃધ્ધોએ પણ નવજુવાનોએ પણ બાળકો અને બાળકીઓએ પણ સેવા કરી છે અને જલસાની તમામ વ્યવસ્થાઓને પોતાની યોગ્યતા અને ખુબીઓ પ્રમાણે સર્વોત્તમ બનાવવા માટે ભરપુર પ્રયત્નો કર્યા છે. તમામ વોલેન્ટીયર જે અનેક શાખાઓના હોય છે કોઈ કંપનીનો ડાયરેકટર છે તો કોઈ ઈન્જીનીયર કોઈ સાયન્ટીસ્ટ કારોબારી લોકો છે અથવા મજુર છે તમામ એકજ કાર્ય કરે છે. પછી વાઈન્ડ અપનું કામ છે જલસા પછી વરસાદ શરૂ થઈ ગયો ખુબ મુશ્કેલીઓથી સામાનને સમેટાઈ રહ્યો છે આમ દરેક કાર્ય મહત્વપૂર્ણ કાર્ય હોય છે. આ વર્ષે કેનેડાના ખુદ્દામની એક ટીમે પણ ભાગ લીધો હતો કે અમે પણ જલસામાં કામ કરવા ઈચ્છીએ છીએ અને ખુબ મહેનત સાથે તેમણે કામ કર્યું. યુ.કે. ની ખુદ્દામ ટીમો સાથે આપણે કેનેડાના તે ગ્રુપ અને ખુદ્દામનો પણ આભાર માનવો જોઈએ કે તેમણે આપણી મદદ કરી.

આ તમામ લોકો ચાહે તે પુરૂષો હોય અથવા સ્ત્રીઓ હોય આપણે બધા તેમના આભારી છીએ અને તેઓ આભારના હકદાર પણ છે અલ્લાહ તઆલા તે બધાને એનો બદલો આપે. કાર્યસેવકો તરફથી હું તે તમામ મહેમાનોનું આભાર માનું છુ જેમણે સહયોગ કર્યો છે. એકાદ સિવાય સાર્વજનિક રીતે કોઈ ફરિયાદ નથી આવી. એક-બે ફરિયાદો તો આવે છે.

અત્રે હું આ શુકરગુઝારી વિષયના સિલસિલામાં મહેમાનોના અસર બયાન કરૂ છુ. યુગાન્ડાથી મિસ્ટર વેલ્સન સાહેબ જોકે મિનિસ્ટર ઓફ જીન્ડર છે. જલસામાં સામેલ થયા હતા. કહે છે કે મહેમાન નવાઝી સિકયોરીટી વ્યવસ્થા જોઈને ખુબ હેરાન થયો કે કેવી રીતે લોકો સ્વેચ્છાપૂર્વક આટલી કુરબાની કરી રહ્યા છે. તે કહેવા લાગ્યા કે જે તરીકા પર જમાઅત અહેમદીયા કામ કરી રહી છે. તેવુ લાગે છે કે જમાઅત થોડાક વર્ષોમાં દુનિયા પર વિજય મેળવી લેશે ઈન્શા અલ્લાહ. પછી તેમણે કહ્યું કે જો જલસા સાલાના વિશે સારાંશમાં બયાન કરૂ તો સૌથી મોટી વાત એ છે કે જમાઅત અહેમદીયા ઈન્સાનિયત માટે અમન, પ્રેમ અને ભાઈચારાનો એક મોટો નમૂનો છે. ફ્રેન્ચગ્યાનાથી એક મહેમાન જેક બરથોલ સાહેબ જલસામાં સામેલ થયા હતા તેઓ ફ્રેન્ચગ્યાની કોર્ટના જજ છે અને દેશના બિશપની પ્રતિનિધિત્વમાં આવ્યા હતા. તેઓ કહે છે કે જ્યારે હું જલસા સાલાનામાં સામેલ થવા માટે ફ્રેન્ચગ્યાનાથી રવાના થયો ત્યારે મારા પગમાં સખત દુખાવો હતો પરંતુ જલસામાં સામેલ થતા જ અલ્લાહ તઆલાએ ચમત્કારીરૂપમાં તંદુરસ્તી આપી અને આખા જલસા દરમ્યાન દુખાવાનો નામોનિશાન ન રહ્યો. તો અલ્લાહ તઆલાનો આ ફઝલ છે કે જલસાની જે બરકતો અહેમદીઓને પહોંચે છે તેનાથી ગૈર પણ લાભ ઉઠાવે છે.

પછી નાઈઝેરીયાના પ્રખ્યાત ટેલિવિઝન એમ.આઈ.ટી. ના ચેરમેન અલહાજ બસારી સાહેબ કહે છે જલસા સાલાનામાં સામેલ થઈને મને એવો અનુભવ થયો કે હું અરફાત સ્થાને છું અને ઈમામની આજ્ઞાપાલનનો જે દ્રશ્ય મે જમાઅત અહેમદીયા ના ખલિફા અને તેની જમાઅતમાં જોયું તે બીજે ક્યાંય નથી જોયું. કોંગો કંસાશાથી કોન્સટીટયુશનલ કોર્ટના જજ છે તેમણે કહ્યું કે જમાઅત અહેમદીયા તરફથી જે ઈસ્લામનો મને પરિચય કરાવ્યો હતો તેનો અમલી નમૂનો મેં જલસામાં સામેલ થઈને જોઈ લીધો છે. ખરેખર વાસ્તવિક ઈસ્લામ આ જ છે જે જમાઅત અહેમદીયા પેશ કરી રહી છે. ઈસ્લામના આ જ સંદેશની આજે દુનિયાને જરૂર છે. હું માનું છુ કે દુનિયાનું ભવિષ્ય આ જ સંદેશથી સંબંધિત છે. સેરાલીયોનના વાઈસ પ્રેસિડેન્ટ પણ જલસામાં

સામેલ થયા હતા. તેઓ કહે છે કે જમાઅત અહેમદીયાનો સાલાના જલસા ખુબ મહાન છે અને તમામ કોમોને એક પ્લેટફોર્મ પર એકત્ર કરવાનું એક માધ્યમ છે.

મુકેની સેરાલીયોનના મેયર કહે છે કે ત્રણેય દિવસ રૂહાનિયતથી ભરપુર હતા અને મારા જીવનમાં મોટી ક્રાંતિ પેદા કરવાનું હેતુ બન્યા છે. મેં કદાપી લોકોને આ રીતે એકબીજાને પ્રેમ કરતા નથી જોયા. સેરાલીયોનથી ડિપ્ટી મિનિસ્ટર ઓફ સ્પોર્ટસ આવેલ હતા. તે કહે છે કે મારૂ જલસા સાલાનામાં સામેલ થવું મારા જીવનનો અનોખો અનુભવ હતો. મે આજસુધી કોઈપણ ધાર્મિક અથવા રાજદ્વારી જલસામાં આ રીતની મહેમાનોની ઈજ્જત અને પ્રેમ નથી જોયું. બેનીનના નેશનલ એસેમ્બલીના ડિપ્ટી સ્પીકર એરક હિન્દે સાહેબ કહે છે કે સૌથી મોટી વાત જે મારા જોવામાં આવી છે તે આ હતી કે જમાઅત અહેમદીયાના લોકો પોતાના ખલિફાને ખુબ પ્રેમ કરે છે આ વસ્તુ બીજે કયાંય જોવા નથી મળતી. આરજેન્ટાઐનથી એક અહેમદી આવ્યા હતા. તેઓ કહે છે કે મેં સાચા ધર્મની ખોજમાં ૧૦ વર્ષ ગુજારયા છે અને છેવટે જમાઅતમાં સામેલ થઈને મને સાચો ધર્મ મળી ગયો. જલસા સાલાનાના આયોજકોથી હું ખુબજ પ્રભાવિત થયો છું. સૌથી વધારે જે વસ્તુઓએ મને પ્રભાવિત કર્યો તે જલસામાં નવજુવાન નસલની ઉપસ્થિતિ હતી. મારા માટે આનાથી અધિક બીજી કોઈ ખુશી નથી. કે હું આરજેન્ટાઐનનો પ્રથમ મુસ્લીમ છું જેને અહેમદીયત કબૂલ કરવાની તૌફિક મળી.

જાપાનથી એક મહેમાન યુશેવાવ અમુરા સાહેબ પણ પધાર્યા હતા. કહે છે કે જલસા સાલાના બ્રિટેન સંયુકત જાતિઓનું વાસ્તવિક નમૂનો પેશ કરી રહ્યો હતો. જયાં કાળા-ગોરા અને જાતિના લોકોને એક પરિવારની જેમ જોવામાં આવતા હતા. આ રૂહાની માહોલે મારા દિલ પર એક ખાસ અસર કર્યો છે. જાપાનથી ડોકટર જેવાની મોન્ટેડ પણ આવ્યા હતા. તેઓ મેડિકલ સાયન્સમાં પી.એચ.ડી. છે. અને ટોકીયો ઈન્ટરનેશનલ બુક સમારોહના અવસર પર તેમનો જમાઅત સાથે પરિચય થયો હતો. બુક સમારોહના પ્રથમ દિવસે જ્યારે તેમને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) નું પુસ્તક ઈસ્લામી શિક્ષણની વાસ્તવિકતા આપી તો બીજા દિવસે બીજી વાર અમારા મિશનમાં આવ્યા અને કહેવા લાગ્યા કે રાત્રે ઈસ્લામી શિક્ષણની વાસ્તવીકતાનું વાંચન શરૂ કર્યું અને મારા માટે મુશ્કેલ હતુ કે આ પુસ્તકનું વાંચન પુરૂ કર્યા વગર સુઈ જાઉં. સવાર સુધી જ્યારે આ પુસ્તકનું વાંચન પુરૂ થયુ તો મને વિશ્વાસ થઈ ગયો કે ઈસ્લામ એક સાચો ધર્મ અને ઉચિત તથા સચ્ચાઈનો માર્ગ છે તેઓ જલસો જોઈને કહેવા લાગ્યા કે હું હકની ખોજમાં હતો અને મને હક મળી ગયું છે. ઈસ્લામ અહેમદીયતથી સર્વોત્તમ કોઈ જીવનની રીત નથી. આમ તેઓ જલસા પછી બીજા દિવસે આવ્યા મારી પાસે કે તેઓએ બૈઅત કરવી છે અને પછી તેમની ત્યાં મસ્જીદમાં બૈઅત થઈ હતી.

સ્પેનથી નેશનલ એસેમ્બલીના બે મેમ્બર પાર્લામેન્ટ આવ્યા હતા. જોસ માર્યા સાહેબ કહે છે ત્રણેય દિવસ જલસાના પ્રોગ્રામમાં સામેલ થતા રહ્યા અને અનેકવાર આ વાતનો ઈઝહાર કર્યો કે આવા વ્યવસ્થિત કાર્ય અમારી હકુમતો નથી કરી શકતી. જે અહિંયા કાર્યસેવકો કરી રહ્યા છે. હું આ જલસાથી ઘણુ બધુ શીખીને જાઉ છું.

આમ આ કાર્યસેવકોનું કાર્ય છે તે પણ એક ખામોશ તબ્લીગ છે જે આ કરી રહ્યા હોય છે. પછી સ્ત્રી પાર્લામેન્ટ મેમ્બર જે હતી તે કહે છે કે દુનિયામાં અમન કાયમ કરવા માટે જમાઅત અહેમદીયા ખુબ મહેનત કરી રહી છે. આજે હું આપના ખલિફાને કહેવા માગું છુ કે અમારી પણ આ જ ખ્વાહીશ છે કે આપ લોકો જ્યારે અમારા દેશમાં આવો તો તેને પોતાનો

ઘર સમજો. ફ્રાન્સના અમિર સાહેબ કહે છે કે આ વર્ષે જલસામાં એક જ પરિવારના ૩૫ લોકો સામેલ હતા. જેમાંથી ૨૮ તો અહેમદીયત કબૂલ કરી ચૂક્યા હતા પંરતુ તેમના પિતા તથા માતા અને તેમની એક પુત્રી અને તેના ત્રણ બાળકોએ હજુ સુધી અહેમદીયત કબૂલ ન કરી હતી. જલસાના બીજા દિવસે તેમણે કહ્યુ કે આજે મે પાંચ વાર આંહઝરત (સ.અ.વ.) ને જોયા. તે અને તેમની પત્ની રવિવારે જે આલમી બૈઅત થઈ`તેમાં સામેલ થયા અને બૈઅત કરીને અહેમદીયતમાં સામેલ થઈ ગયા. બૈઅતના સમયે આખો પરિવાર ત્યાં હતો જે બાળકોની જેમ રડતાં હતા. યુનાનથી પણ પ્રથમવાર ગ્રુપ આવ્યુ હતુ.

માટે આ વાતો તમામ અહેમદીઓને જ્યાં આભારી બનાવે છે ત્યાં જેમાં નાનીમોટી કમજોરીઓ છે તેમણે તે કમજોરીઓને દુર કરવાની કોશીશ કરવી જોઈએ. સ્વિઝર્લેન્ડથી પ્રેસ અને મિડીયાના લોકોમાંથી બ્રાન્સવેલ સ્લેબ બેલી સાહેબ સામેલ થયા હતા કહે છે કે હું જલસા સાલાનાના છેલ્લા દિવસે સામેલ થયો હું દુનિયાના અનેક ઈવેન્ટસમાં સામેલ થતો રહુ છું પરંતુ આ પ્રકારનો ઈવેન્ટસ પહેલા કયારેય નથી જોયો. એક ગૈર અહેમદી સ્વીસ ગૈર મુસ્લીમ માઈકલ શેરન બર્ગ સામેલ થયા તેઓ કહે છે સ્વિઝર્લેન્ડના જ છે. સૌથી સરસ આલમી બૈઅતનો દ્રશ્ય હતુ. કે કેવી રીતે લોકો પોતાના અકીદા અને ખલિફા સાથે સંબંધિતનો ઈઝહાર કરી રહ્યા છે.

એક નવા અહેમદી મિત્ર છે માઈટાઈકલ ઓફ બાસરો માઈક્રોનેશિયાથી આવ્યા હતા. અને ત્યાં તેઓ ૧૧ વર્ષ સુધી મેયર રહી ચુક્યા છે. તેઓ કહે છે આ બધું જોઈને હું મજબૂત ઈરાદો લઈને જાઉં છું. કે મારા પરિવાર અને કોસરાયે શહેરના લોકોને ઈસ્લામ વિશે ખોટા પરિચયને ખતમ કરવાનો પ્રયત્ન કરીશ. જમૈકાથી એક જર્નાલિસ્ટ આવી હતી. તેમણે મારૂ ઈન્ટરવ્યુ પણ લીધું. તે કહે છે કે ત્યાં જઈને હું લખીશ અથવા ડોક્યુમેન્ટરી બનાવીશ. તો તેનાથી અધિક તબ્લીંગના માર્ગો ખુલે છે. કહે છે કે હું વાયદો કરૂ છું કે જમાઅત અહેમદીયાની તાલીમને જમૈકામાં ફેલાવવા માટે ખુબ મહેનત કરીશ. ફરમાવ્યું આ એક ખ્રિસ્તી છે. અને આપણી તબ્લીગનો સાધન બની રહી છે. પાનામાથી રોનાલ્ડો કોરો સાહેબ જલસામાં આવ્યા હતા. કહે છે કે મેં અહિંયા મહોબ્બત, પ્રેમ અને અમનની એવી ફિઝા જોઈ જેની હું કલ્પના પણ ન કરી શકતો હતો. કહે છે આજ પછી જો કોઈ વ્યકિત ઈસ્લામ વિશે ખોટી દ્રષ્ટિ પેશ કરશે તો હું ઈસ્લામનો ભરપુર બચાવ કરીશ.

કઝાકિસ્તાના તાનાશવામા સાહેબા છે. સ્ટેટ યુનિવર્સીટીની પ્રોફેસર છે. અને ન્યુયોર્કની એકેડમી મેમ્બર પણ છે. વર્ષ ૨૦૦૦માં તેઓ લેડી ઓફ વર્લ્ડ તરીકે ચુંટાયેલા હતા. તેમનો અનુભવ બયાન કરે છે કે પોતાના ૭૫ વર્ષના જીવનમાં દુનિયાની ઘણી બધી જગ્યા જોઈ ચુકી છે પરંતુ ઈન્સાનિયતની વાસ્તવિક રીતે મદદ કરવું મે માત્ર અહિંયા જ જોયુ છે. એક વિધાર્થીની ગોયટે માલાથી આવી હતી. તે કહે છે જલસામાં સામેલ થવુ મારા માટે બેહદ આનંદનો અનુભવ હતો. આ જલસાના રૂહાની માહોલે મારૂ આગળનું જીવન સજાવવા તરફ માર્ગદર્શન કર્યુ છે. ક્રોશિયાથી ૨૮ લોકોની ટુકડી આવી હતી. ક્રોશિન કોમી એસેમ્બલી ના મેમ્બર પાલમિેન્ટ પણ હતા. પાન્ડેક્ષ સાહેબ કહે છે મુસ્લિમ સમારોહમાં પ્રથમવાર સામેલ થયો છુ. પછી અંતનું ભાષણ તેમણે સાંભળ્યુ. અને કહે છે જો આ નસીહતો પર અમલ કરીએ તો દુનિયા શાંતિનો પ્રતિક બની જાય. અને ખુબ પ્રભાવિત થયા. સેરાલીયોનની નેશનલ ટીવી એસ.એલ.બી.સી. ના જર્નાલિસ્ટ પણ સામેંલ થયા. તેઓ કહે છે આપે મને જલસાનું આમંત્રણ આપીને મોટો ઉપકાર કર્યો છે અને કહે છે જલસા દરમ્યાન જ મેં જમાઅત અહેમદીયામાં દાખલ થવાનો

પાકો ઈરાદો કરી લીધો. તેમણે આલમી બૈઅતના દિવસે બૈઅત પણ કરી લીધી. પાલ સિંગર ડિયુસ જે બ્રિટીશ રોયલ એરફોર્સમાં ગ્રુપ કેપ્ટન છે. તે કહે છે ખરેખર આ વાતનો ઈઝહાર કરવો જોઈએ કે અત્યાર સુધી મેં સેંકડો એવા પ્રોગ્રામો જોયા હશે પરંતુ આવો વિશાળ પ્રોગ્રામ કદાપિ ન જોયો. આયોરી કોસ્ટથી બે મેમ્બર પાર્લમેન્ટ આવ્યા હતા. કવાકોકવાકો વાત્રા સાહેબ તેમાંથી એક હતા તે કહે છે મારા જીવનના મહત્વપૂર્ણ પળોમાંથી છે હું કેટલાય વર્ષોથી એહેમદી છુ પરંતુ આ પ્રકારનો રૂહાની માહોલ પ્રથમવાર જોઈ રહ્યો છુ. હું અહેમદી પહેલાથી જ હતો પરંતુ જલસામાં જઈને મારો ઈમાન અધિક મજબૂત થઈ ગયો છે.

બ્રિટીશ સોસાયટી ઓફ ટયુરન શરાઉડ ન્યૂઝ લેટરના એડિટર હાફરે સાહેબ આ પણ ટયુરન શરાઉડના પ્રખ્યાત છે. તે કહે છે કે મેં આજ સુધી જેટલા ફોરમ પર મસીહના કફન વિશે વાતચીત કરી છે તેમાંથી સર્વોત્તમ ફોરમ આ હતો. પ્રેસ અને મિડીયાની મે વાત કરી. અલ્લાહ તઆલાના ફઝલથી આ વર્ષે પ્રેસ મિડીયા દ્વારા જલસાનો ખુબ પરિચય થયો છે. માટે આપણે અલ્લાહ તઆલા સામે ઝુકવુ જોઈએ. કે અલ્લાહ તઆલાએ કેવી રીતે પૅગામ પહોચાવ્યું. જલસાની જાહેરાત અને વિડીયો ક્લીપ ટેલિવિઝન અને ઓન લાઈન વિડીયોના ૭ પ્રોગ્રામ દ્વારા કુલ ૩.૩ મિલીયન લોકો સુધી પહોંચી છે. રેડીયો દ્વારા ૨.૭૯ મિલીયન લોકો સુધી પૈગામ પહોચ્યો. પ્રિન્ટ તથા ઓનલાઈન મિડીયાના ૧૪ ફોરમ દ્વારા ૭.૭ મિલીયન લોકો સુધી પેગામ પહોંચ્યો. અને સોશલ મિડીયામાં ૧૧૯૫ની ઉપસ્થિતિ દ્વારા જલસાનો પૈગામ ૫ મિલીયન લોકો સુધી પહોંચ્યા આ રીતે કુલ ૧૨.૬૩ મિલીયન લોકો સુધી જલસાની કાર્યવાહી અને જાહેરાત તથા પૈગામ અને ફોટાઓ તથા વિડીયો કલીક પહોંચી. અને આફ્રિકા સિવાય એવા દેશો જ્યાં જલસાના હવાલાથી મિડીયા કવરેજ મળી છે. તેમા બ્રિટેન, સ્કોટલેન્ડ, વેલ્ઝ આર્યલેન્ડ, યુ.એસ.એ., કેનેડા, પાકિસ્તાન, ઈન્ડિયા, ફ્રાન્સ, જમૈકા, બોલીયો અથવા યુનાન અને બેલ્ઝ સામેલ છે. સૌથી મહત્વપૂર્ણ ચેનલ બી.બી.સી. ન્યૂઝ-૨૪ સામેલ છે. જેમાં જલસાની જાહેરાત ૩ વાર પ્રસારિત થઈ. આ પણ પ્રથમવાર જ થયું છે. શરૂઆતમાં આ ચેનલ પર એક વાર જાહેરાત પ્રસારણ કરવાની અનુમતી આપી હતી. અને પછી અધિક જાહેરાતો આપવાની અનુમતી મળી. ઈન્ટરનેશનલ ન્યુઝ એજન્સી ફ્રાન્સ એ.એફ.પી. એ પણ જલસાની જાહેરાતોનું પ્રસારણ કર્યુ. એ.એફ.પી.એ પણ વિડીયો રિપોર્ટ બતાવી જે પછી યુ.એસ.એ., યુ.કે. અને ઈન્ડિયામાં અનેક જાહેરાતોની વેબસાઈટ પર પ્રસારણ કર્યુ. જેમાં યાહુ ન્યૂઝ, એમ.બી.સી. ન્યૂઝ, એમ.એસ.એન. ન્યૂઝ સામેલ છે.

પછી રેડિયા કવરેજ ૩૪-રેડિયો ઈન્ટરવ્યુ, બી.બી.સી.ના ત્રણ નેશનલ રેડિયો સ્ટેશન-૨૪ રેડિયો સ્ટેશન અને બે લોકલ રેડિયો સ્ટેશન પર પ્રસારણ થયુ. જેમાં ચાર બી.બી.સી. રેડીયો ફોર પણ સામેલ છે. જે બ્રિટેનમાં સૌથી વધારે સંભળાતો રેડિયો સ્ટેશન છે. તેમાં ૨૦ મિનીટનો ઈન્ટરવ્યુ પ્રસારિત કર્યો. તે સિવાય બી.બી.સી. સ્કોટલેન્ડ અને બી.બી.સી. રેડિયો એશિયન નેટવર્ક સામેલ છે. બી.બી.સી. રેડિયો સ્ટેશન નેટવર્ક પર એક કલાકથી અધિક ઈન્ટરવ્યુ આપ્યુ. ૩૩-રેડિયો સ્ટેશન દ્વારા કુલ ૨.૭૯ મિલીયન લોકો સુધી પૈગામ પહોચ્યો તેમાંથી ઓછામાં ઓછા બે ઈન્ટરવ્યુની શરૂઆત જે હતી તે એક જર્નાલિસ્ટ બી.બી.સી.ની હતી. કેરોલાઈન વાઈટએ મારૂ ઈન્ટરવ્યુ લીધું હતુ. તેને તેમણે પ્રસારિત કર્યુ. જેના પર હવે અહીંની મુસ્લિમ તંઝીમો તરફથી ખુબ શોરબકોર થઈ રહ્યો છે. કે આપણે એકત્ર થઈ જવુ જોઈએ. આપણે ભેગા થઈને

મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરીશુ. આફિંગટન પોસ્ટ એ પણ બે આર્ટિકલ પ્રકાશિત કર્યા. તેવી જ રીતે બીજા પણ ઘણાં બધા છે. સોશલ મિડીયા ટવીટર વગેરે દ્વારા આ પૈગામ પહોંચતો રહ્યો. આ જે છે તે મરકઝી રિપોર્ટ છે. તે સિવાય યુ.કે. ના પ્રેસ મિડીયા દ્વારા મારો ખ્યાલ છે કે બે-ત્રણ મિલિયન સુધી તો જરૂર પૈગામ પહોચ્યો હશે.

આફ્રિકન દેશોમાં નેશનલ ટીવી જલસા સાલાનાનું જીવંત પ્રસારણ આપતા રહ્યા. જેમાં ઘાના, નાઈજેરીયા અથવા સેરાલીયોન, યુગાન્ડા અને કોંગો કન્સાશા સામેલ છે. હદીકતુલ મેહદીથી જીવંત પ્રસારણ થયુ. ઘાનાના એક મિત્ર નાના વસી કોતો સાહેબે ફોન પર જણાવ્યું કે હુ ખ્રિસ્તી છું. પરંતુ આપના જલસાનું જીવંત પ્રસારણ જોઈને હું ભાવુક થઈ ગયો. મારા આસુ રોકવા મુશ્કેલ થઈ ગયા હતા. તેમાં કોઈ શંકા નથી કે અત્યારે મુસ્લિમના પ્રતિનિધિત્વમાં જમાઅત અહેમદીયા સૌથી આગળ છે. મારી દુઆ છે કે હું આપની જમાઅતનો મુબ્લીગ બનીને જમાઅત અહેમદીયાનો પેગામ ફેલાવુ. ટમાલે ઘાનાથી એક સ્ત્રી હમાઅદાતુ સાહેબાએ કહ્યું કે ઘાના ટીવી દ્વારા જમાઅત અહેમદીયાનો જલસો જોયો અને જલસો જોઈને હું ખુબ પ્રભાવિત થઈ છુ. હું મુસ્લિમ તો છું પરંતુ જલસાનું પ્રસારણ જોઈને અહેમદી મુસ્લિમ થવા ઈચ્છુ છું. સેરાલીયોનમાં અલ્લાહ તઆલાના ફઝલથી નેશનલ ટીવી એસ.એલ.બી.સી.એસ. પર જલસા સાલાનાની ૩૬ કલાક જીવંત પ્રસારણ થયું. કોંગો કંસાશામાં પણ ૪ મોટા મોટા શહેરોમાં જલસાનો પ્રસારણ બતાવ્યું. તે શહેરોમાંથી બેમાં મારા અંતિમ ભાષણનું પ્રસારણ થયું જ્યારે કે બે શહેરોમાં જલસાની તમામ કાર્યવાહીનું જીવંત પ્રસારણ થયુ. એક મિત્રએ કહ્યું કે ટીવી પર આપના જલસાને જોઈને ખુબ આનંદ થયો કે દુનિયામાં એક એવો વજુદ પણ છે જે એટલી પ્રિય તાલીમો આપે છે. આફ્રિકન દેશોમાં રેડીયો પર જલસાની કવરેજ જે થઈ છે માલીમાં જમાઅત ૧૫-રેડિયો સ્ટેશન દ્વારા જલસાની ત્રણેય દિવસની કાર્યવાહીનું જીવંત પ્રસારણ થયું આ રીતે ત્યાં લગભગ ૧૦ મિલીયન લોકોએ જલસા સાલાના યુ.કે.નું જીવંત પ્રસારણ પોતાની ભાષામાં સાંભળ્યું તેવી જ રીતે બરકેના ફાસોમાં ચાર રેડીયો સ્ટેશન પર જલસા સાલાનાની ૩ દિવસની કાર્યવાહી સંપૂર્ણ થઈ. તેને પણ ઘણાં લોકો સાંભળનાર હતા. તથા સેરાલીયોનમાં જલસાની કાર્યવાહીનું પ્રસારણ થયુ. તો આ મિલીયનો લોકો સુધી અલ્લાહ તઆલાના ફઝલથી આ વખતે જલસાનો પૈગામ પહોચ્યો. અલ્લાહ તઆલાના ફઝલથી પ્રેસ મિડીયાની ટીમે પણ સારૂ કાર્ય કર્યુ. અને એમ.ટી.એ.એ પણ તેના માટે ખુબ કામ કર્યું. ખાસ કરીને તે જે આફ્રિકાના ઈન્ચાર્જ બનાવેલ છે તેમણે ખુબ કામ કર્યું. આ સંબંધમાં અલ્લાહ તઆલા તેમને તેનો બદલો આપે.

માટે અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅતનો પરિચય આ જલસા દ્વારા વિસ્તૃત થયો છે. અને તેમાં જેવું કે મે કહ્યું કે કામ કરનાર સામેલ છે. એમ.ટી.એ.ના પણ પ્રેસ સેકશનમાં પણ અને યુ.કે.ના નવજુવાનો જે પ્રેસ સેકશનમાં છે. જેઓ કામ કરે છે. અલ્લાહ તઆલા તેમની ખુબીઓને અધિક કરે અને જાહેર કરે. ખુત્બા જુમ્માના અંતમાં હઝુર અનવરે સૈયદા ફરીદા સાહેબા પતિ મુકર્રમ મિર્ઝા રફીક અહેમદ સાહેબ જેમની ત્રણ દિવસ પહેલા અવસાન થયુ હતું. તેમના પરિવારની હાલતો સદગુણો અને સેવાઓનું વર્ણન કર્યુ. મર્હુમા હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી)ની પુત્રવધૂ હતી. અલ્લાહ તઆલા મર્હૂમા સાથે મગ્ફિરત અને રહેમનો સુલુક ફરમાવે અને તેમના બાળકોનો પણ હાફિઝ વ નાસિર થાય.......

**Khulasa Khutba Jumma Huzoor Anwar 28th August 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ______________________________

______________________________

**Ahmadiyya Muslim Community.**

**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**